| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૬/૦૬/૨૦૨૨  સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૦૦૨/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૪/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭ | ૩,૮૪,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન</u>

## <u>કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી આગામી આવનાર રથયાત્રાના પવિત્ર તહેવારને લઇને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પ્રોહીબીશન/જુગારની પ્રવૃત્તી સદતંર નિસ્ત નાબુદ કરવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૫/૦૬/૨૦૨૨ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે.વિસ્તારમાં ક.૧૭/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૮/૦૦ વાગે નવા નરોડા સાંઇ ચોક પાસે આવતા સર્વેલન્સ સ્કોર્ડના **અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ** નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકીકત મળેલ કે " **નવા નરોડા મેવાડા પાર્ટી પ્લોટની સામે નવી બનતી સુખ સાહિત્ય નામની બિલ્ડીંગ ના નીચેના માળે આવેલ એક સટર વાળી દુકાન નં-૪ આગળ જાહેરમાં કેટલાક ઇસમો ગોળ કુડાળુ વળી જુગાર રમે છે અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા નરોડા મેવાડા પાર્ટી પ્લોટની સામે નવી બનતી સુખ સાહિત્ય નામની બિલ્ડીંગ ના નીચેના માળે આવેલ એક સટર વાળી દુકાન નં-૪ આગળ જાહેરમાં રેઇડ કરી જુગાર રમતા પાંચ આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂપિયા ૧૧,૪૪૦/-તથા દાવના નાંણા રૂપિયા ૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૨,૪૪૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નં-૫ કિ.રૂ.૩૩,૫૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૪૫,૯૪૦/-ના મુદ્દામાલના સાથે ક.૧૯/૫૦ વાગે જુગાર ધારા કલમ-૧૨ મુજબથી પકડી પાડી કાયદેસરની કામગીરી કરી સારી કામગીરી કરેલ છે તા.૦૬/૦૬/૨૦૨૨

## <u>આરોપીઓના નામ :</u>

(૧) બાલગોવિંદ સ/ઓ કેશવરામ બાબુલાલ જાતે ચૌહાણ ઉ.વ.૩૮ ધંધો-પ્લમ્બીંગ કામ રહે,મ.નં-જી/૪૦૨,સિધ્ધી વિનાયક નવા નરોડા સેન્ટમેરી સ્કુલ ની પાસે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-જેતપુર તા.નવાબગંજ જીલ્લો-બારાબંકી રાજય-ઉત્તરપ્રદેશ +૪=૫

## મુદ્દામાલ :-

અંગજડતીના રોકડા નાંણા રૂપિયા ૧૧,૪૪૦/-તથા દાવના નાંણા રૂપિયા ૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૨,૪૪૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નં-૫ કિ.રૂ.૩૩,૫૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૪૫,૯૪૦/-ના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા ફરિયાદી અ.હેડ.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨



# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

આગામી રથયાત્રાના તહેવાર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ ઈન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર કે.ડી.જાડેજા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં મારામારીના ગુનામાં પકડાયેલ આરોપી નામે વિવેક ઉર્ફે નંદી નરેશસિંગ જાતે યાદવ ઉ.વ.૨૦ રહે. હનુમાનનગર કુંભાજીની ચાલી, રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર નાની  વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે.  પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૪૩૦/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે.  પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૨૭૮/૨૦૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧)  મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૨૮/૨૦૨૨ તા.૦૫/૦૬/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૫/૦૬/૨૦૨૨ ના કલાક ૨૦/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૫/૦૬/૨૦૨૨

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) મ.સ.ઈ દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં.૭૬૨૦

(૩) પો.કો અરૂણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭

(૪) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૩/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૯ કેસ કરી, ૮૦ વ્યક્તિઓને ઝડપી, ૩૫૬ લીટર દેશી દારૂ અને ૧૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૪/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૫/૨૦૨૨</u>**

**રાણીપ**ઃ દેવ્યાનીબહેન વા/ઓ આનંદભાઇ વૈધ (રહે. રત્નપ્લાઝા-૨ ગ્રીનસીટી સામે નિર્ણયનગર વાડજ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ થી તા.૦૫/૦૬/૨૦૨૨ સવારના ૧૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ ચંદ્રલોક સોસાયટી ખાતે રહેતા પોતાની માતાના મકાનની બારીની ગ્રીલના સળીયા કાપી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

**સાબરમતી**ઃ હર્ષદભાઇ મંગળદાસ નાયક (રહે. સંસ્કાર હીલ ફ્લેટ આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૨ સવારના ૬/30 થી રાતના ૧૦/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી યુ.કે.પંડ્યા ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૦૬/૨૦૨૨</u>**

**વેજલપુર**ઃ જીવણભાઈ ચમનભાઈ સોલંકી (ઉ.વ.૫૮)(રહે.સિધ્ધી સોસાયટી વૈજનાથ મંદીર પાછળ વેજલપુર) ના ઘરમાં તા.૦૫/૦૬/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા કોઈ કારણસર આગ લાગતા જીવણભાઇ ગંભીર રીતે દાઝી જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

**સ્વિમીંગ પુલમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૭/૨૦૨૨**

**વટવાઃ** કિશન સ/ઓ ઓખાજી પઢીયાર (ઉ.વ.૨૪) (રહે. તરગાડાવાડ ખટકીવાડની અંદર સ્વામિનારાયણ મંદિર પાસે કાલુપુર) મિત્રો સાથે તા.૦૪/૦૬/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે વટવા ગામડી રોડ નામદાર ફાર્મ સ્વિમીંગ પુલમાં ન્હાવા ગયા હતા જયાં સ્વિમીંગ પુલમાં ન્હાતા હતા ત્યારે કિશન પઢીયારને તરતા આવડતુ ના હોય ડુબી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૫/૦૬/૨૦૨૨ રાતના ૮૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનોજભાઈ રણછોડભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૮/૨૦૨૨**

**ખોખરાઃ** થોમસ જોન ફ્રાન્સીસ (ઉ.વ.૬૫)(રહે.ધીરજ હાઉસીંગ હરીપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.ડી.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** નરેશભાઇ બચુભાઇ ચુનારા (ઉ.વ.૪૦)(રહે.સરણીયાવાસ આગમન પાર્ક સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૨ કલાક ૧/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.